આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૮૦ | ૧૧ સપ્ટેમ્બર, ૨૦૧૪, ગુરૂવાર; ભાદરવા વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

એવું લાગવા માંડે કે તમારું લક્ષ્ય મળવું મુશ્કેલ છે તો તમારા પ્રયાસો બદલો લક્ષ્યને નહીં
- જનકલ્યાણ

## NEWS બિટ્સ

**● ભારત ૮ થી ૯ ટકાના દરે વિકાસ કરશે : કેવિન ગિબ્શન**

ખ્યાતનામ ઈસ્ટસ્પ્રીંગ ઈન્વેસ્ટપેન્ટના માંધાતા કેવિન ગિબ્શને એક મુલાકાતમાં ભારત નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ ૮ થી ૯ ટકાના દરે વિકાસ કરશે તેવી ધારણા રજુ કરી હતી. ગિબ્સને ભારતે નીતિ વિષયક યોજનાઓ દ્વારા વિદેશી રોકાણકારોને આકર્ષ્યા છે તેથી મોદીના નેતૃત્વમાં ભારતનું ભાવિ ઉજ્જવળ છે.

**● મલ્ટિબ્રાન્ડ રીટેલમાં એફડીઆઈને મંજૂરી નહીં : નિર્મલા સીતારામન**

ભારતના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી નિર્મલા સીતારામને એનડીએ સરકાર મલ્ટિબ્રાન્ડ રિટેલમાં એફડીઆઈને છૂટ આપશે નહી તેવું જણાવ્યું હતું. એનડીએ સરકારને ૧૦૦ દિવસ પુરા થવા અંગેની એક પત્રકાર પરિષદમાં નિર્મલા સીતારામને આ ક્ષેત્રમાં સરકાર એફડીઆઈને મંજૂરી આપવાના વિરોધમાં હોવાનું કહ્યું હતું. જો કે નવી સરકારે હજુ યુપીએ સરકારની નીતિ રદ કરવા કોઈ પગલા ભર્યા નથી.

**● ફેસબુક પર રોજના એક અબજ વિડીયો જોવાય છે**

સોશ્યલ નેટવર્કીંગ સાઈટ ફેસબુકે જણાવ્યું છે કે તેના પ્લેટફોર્મ પર રોજના એક અબજ વિડીયો જોવાય છે જેમાંથી ૬૫ ટકા વિડીયો મોબાઈલ ફોન પર જોવામાં આવે છે. ફેસબુક પાસે ૧.૩૨ અબજથી પણ વધુ મંથલી એકટીવ યુઝર્સ છે. જેમાંથી લગભગ ૧.૦૭ અબજ મોબાઈલ એમએયુ છે.

**કાશ્મીર પૂરપીડીતો માટે કુલ ૫૬ હજાર ફુડ પેકેટો**

જમ્મુ-કાશ્મીરના પૂરપીડીતો માટે સ્વૈચ્છિક-સેવાભાવી સંસ્થાઓ અને લોકભાગીદારીથી એકત્ર થયેલ ૫૬ હજાર ફુડ પેકેટોના જથ્થાને ગઈકાલે રાત્રે અમદાવાદ એરપોર્ટ ખાતે આરોગ્ય રાજયમંત્રી શંકરભાઈ ચૌધરીએ ફલેગ ઓફ કરી રવાના કર્યો હતો. આ ફુડ પેકેટો વિમાન દ્વારા જમ્મુ-કાશ્મીર પહોંચાડી અસરગ્રસ્ત લોકો સુધી પહોંચાડવામાં આવશે. આરોગ્ય રાજયમંત્રી શંકર ચૌધરીએ ફલેગ ઓફ કરી જણાવ્યું કે જમ્મુ-કાશ્મીર એ ભારતનું અવિભાજ્ય અંગ છે. જેમ પગમાં કાંટો વાગે અને તરત આપણો હાથ ત્યાં પહોંચી જાય છે તે જ રીતે આવી વિપત ઘડીમાં સેવા-પરામર્શના સંસ્કારો ધરાવતી ગુજરાતની જનતા તથા સરકાર પોતાના અસરગ્રસ્ત બાંધવોની સેવા કરવા તત્પર છે, આજે પ્રથમ જથ્થો રવાના થયો છે.

# ઉત્તર ગુજરાતમાં વરસાદનું જોર ઘટ્યુ

## દહેગામમાં દિવાલ ધસી પડતાં એકનું મોત : ધરોઈમાં પાણીની સપાટી ૬૦૯ ફૂટ : બનાસનું પાણી કચ્છના નાના રણ તરફ વળાયુ

ગાંધીનગર, તા. ૧૦

ઉત્તર ગુજરાતમાં વરસાદનું જોર ઘટતાં લોકોએ રાહતનો દમ લીધો છે. ઉત્તર ગુજરાતમાં વહેતી બનાસ નદીમાં પાણીનો પ્રવાહ વધતાં તે પાણી કચ્છના નાના રણમાં વાળી દેવામાં આવ્યું હતું. જેને કારણે નાનુ રણ પાણીથી છલોછલ થઈ જવા પામ્યું હતું. ધરોઈ ડેમમાં પણ પાણીની આવક ઘટવા પામી છે.

મળતા અહેવાલો પ્રમાણે ધરોઈ ડેમમાં આજે પાણીની આવક ઘટી છે. અને આ લખાય છે ત્યારે પાણીની આવક ૬૫૦૦ ક્યુસેક જેટલી છે જ્યારે ડેમની સપાટી ૬૦૯ ફૂટ પર પહોંચી છે. ધરોઈ ડેમ એ ઉત્તર ગુજરાતનો સૌથી મોટો ડેમ છે.

બનાસકાંઠામાં વહેતી બનાસ નદીના ઉપરવાસમાં થયેલ ભારે વરસાદને પગલે પાણીનો પ્રવાહ વધ્યો

● અનુસંધાન પાન-૭ પર




(તસવીર : દિપક જાની)

# ગાંધીનગરમાં ઉજવાશે 'આવકારોત્સવ'

## પ્રધાનમંત્રીના જન્મ દિવસની ઉજવણીને યાદગાર બનાવવા ગાંધીનગર સહિતના શહેરોના જાહેર સ્થાનો પર રોશની કરાશે : પ્રધાનમંત્રી મોદીના સ્વાગતની તડામાર તૈયારીમાં તંત્ર અને પક્ષના કાર્યકરો વ્યસ્ત

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર સહિત રાજ્યના મોટા શહેરોમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના જન્મ દિવસની ઉજવણી નિમિત્તે રોશની કરવામાં આવશે.

આગામી ૧૭મી સપ્ટેમ્બરના રોજ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનો જન્મ દિવસ છે અને તેઓ પ્રધાનમંત્રી બન્યા પછી આ દિવસે ગુજરાતના પ્રથમ સત્તાવાર પ્રવાસે આવી રહ્યા છે. તેમના જન્મ દિવસની ઉજવણી માટે ૧૬મીએ ગાંધીનગર સહિત રાજ્યના મોટા શહેરોના જાહેર સ્થાનોને રોશનીથી સજાવવામાં આવશે. તેમના જન્મદિનની ઉજવણીને યાદગાર બનાવવા માટેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

બીજી તરફ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૧૭મીએ ગાંધીનગરના મહાત્મા મંદિરમાં રાજ્ય સરકારની સ્વાવલંબન સહાય યોજનાનો પ્રારંભ કરાવશે. આ માટેની તૈયારીઓ તંત્ર દ્વારા પણ તડામાર રીતે ચાલી રહી છે.

૧૭મીએ મહાત્મા મંદિરમાં સ્વાવલંબન સહાય યોજનાના લાભાર્થીને સહાયના ચેકોનું વિતરણ કરવામાં આવનાર છે. આઈ.ટી.આઈ. પાસ વિદ્યાર્થીઓને સ્વરોજગારી માટે બેંકલોનની નવી યોજનાનું પણ લોંચીંગ પ્રધાનમંત્રીશ્રીના હસ્તે થનાર છે. આ ઉપરાંત અન્ય સ્વરોજગાર યોજનાઓની સહાયના ચેકોનું પણ વિતરણ થનાર છે.

૧૭મીએ બપોર બાદ તેઓ ચીનના રાષ્ટ્રપતિ સાથે ગાંધીનગરમાં ચર્ચાઓ કરનાર છે. તેમની આ મુલાકાત દરમિયાન બન્ને રાષ્ટ્રો વચ્ચેના સંબંધો ઉપરાંત કેટલાક મહત્વના મુદ્દાઓ પર ચર્ચા થશે તેમ મનાઈ રહ્યું છે.

ગાંધીનગરમાં પ્રધાનમંત્રી બન્યા બાદ શ્રી નરેન્દ્ર મોદી પહેલીવાર ગાંધીનગર આવી રહ્યા હોવાથી નગરજનોમાં પણ ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. તંત્ર અને પક્ષના કાર્યકરો તેમના સ્વાગતની તડામાર તૈયારીઓમાં વ્યસ્ત બન્યા છે.

## રવિવારથી ગાંધીનગર શહેર પોલીસ છાવણીમાં ફેરવાઈ જશે

### મંગળવારે પી.એમ. મોદીના આગમનને પગલે પોલીસનો લોખંડી પહેરો સુરક્ષા અર્થે ગોઠવાઈ જશે

ગાંધીનગર, તા.૧૦

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું ગાંધીનગરમાં આગમન થઈ રહ્યું છે ત્યારે સુરક્ષા અને સલામતીને કેન્દ્રમાં રાખી પોલીસ બંદોબસ્તની સ્કીમનું માઈક્રો ઓબ્ઝર્વેશન કરી લોખંડી પહેરો ગોઠવવામાં આવશે. મંગળવારે યોજાનાર કાર્યક્રમમાં હાજરી આપવા આવનાર નરેન્દ્ર મોદી સોમવારે સાંજે ગાંધીનગર આવી જાય તેવી શકયતા છે. જો કે રવિવારથી જ તેમની સુરક્ષા વ્યવસ્થાને ધ્યાને લઈ ગાંધીનગરને પોલીસ છાવણીમાં ગોઠવી દેવામાં આવશે જે ફોર્સ રવિવારથી જ બંદોબસ્ત મોરચો સંભાળી લેશે.

૧૪મી સપ્ટેમ્બરથી જ ગાંધીનગરના માર્ગો પર નરેન્દ્ર મોદીની સુરક્ષા માટે ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવાઈ જશે. મોદીની સુરક્ષાને પગલે ગાંધીનગરમાં માઈક્રો ઓબ્ઝર્વેશન કરીને બંદોબસ્ત સ્કીમ તૈનાત કરવામાં આવશે. ૯ ડીએસપી, ૪ એએસપી, ૨૫ ડીવાયએસપી, ૫૦ પીઆઈ, ૧૪૦ પીએસઆઈ, ૧૧૦૦ પોલીસ, ૧૦૦ મહિલા પોલીસ, ૧૫૦ ટ્રાફિક પોલિસ, ૭૫ કમાન્ડો ૩ કવીક રીસ્પોન્સ ટીમ, ૨ કંપની એસઆરપી સહીતનો કાફલો ૧૪મીથી જ સુરક્ષાનો મોરચો સંભાળી લેશે અને ગાંધીનગર શહેર લશ્કરી છાવણીમાં ફેરવાઈ જશે તો બીજી તરફ એસપીજી મોદીની સુરક્ષા માટે હોવાથી તેની શરતો મુજબ પોલીસ, વિડીયોગ્રાફી સહીત કર્મચારીઓના પણ અલગ આઈ કાર્ડ તૈયાર કરાવાઈ રહ્યા છે.






મહા આરતી - ભાદરવી પૂનમના છેલ્લા ચરણમાં મોડીરાત્રે અંબાજી માતાજીની મહા આરતી યોજાઈ હતી જેમાં મંદિરનો સેવકગણ, સ્વંયસેવકો તથા સંઘોના સંચાલકો મોટી સંખ્યામાં જોડાયા હતા. પાંચ દિવસના મેળો રંગેચંગે સંપન્ન થતાં સૌએ માતાજીનો અંતરના ઉમળકાથી આભાર વ્યક્ત કર્યો તેવા ભાવ સાથે કરાયેલી આ અંતરની મહા આરતીએ ભાવસભર વાતાવરણ સર્જ્યું હતું. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## જિલ્લામાં ૧૯-૨૦મીએ ગરીબ કલ્યાણ મેળાઓ યોજવામાં આવશે

### ત્રણ હજારથી વધુ લાભાર્થીઓને આવરી લેવામાં આવશે : રાજય મંત્રી મંડળના મંત્રીઓ અને બોર્ડ નિગમના ચેરમેનો હાજરી આપશે

ગાંધીનગર, તા.૧૦

આગામી તા. ૧૯ અને ૨૦ સપ્ટેમ્બર દરમ્યાન જિલ્લાના ગરીબ કલ્યાણ મેળાઓ યોજવામાં આવશે.

૧૯મી સપ્ટેમ્બરના રોજ ગાંધીનગર પ્રાંતનો અને ૨૦મી સપ્ટેમ્બરના રોજ કલોલ પ્રાંતના ગરીબ કલ્યાણ મેળાઓ યોજવામાં આવનાર છે. ૧૯મીએ યોજાનાર ગરીબ કલ્યાણ મેળામાં જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી નીતિન પટેલ ઉપસ્થિત રહેનાર છે. જયારે ૨૦મીના ગરીબ કલ્યાણ મેળામાં રાજયના સામાજિક ન્યાય અધિકારીતા વિભાગના મંત્રી શ્રી રમણલાલ વોરા ઉપસ્થિત રહેનાર છે.

આ બંને ગરીબ કલ્યાણ મેળામાં જિલ્લાના ૩ હજારથી વધુ લાભાર્થીઓને ચેકનું તેમજ યોજનાના લાભોનું સીધું વિતરણ કરવામાં આવનાર છે. આ મેળામાં રાજયના વિવિધ બોર્ડ નિગમના ચેરમેનો વિશેષ ઉપસ્થિત રહેશે.

ગાંધીનગર પ્રાંત કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો દહેગામ ખાતે અને કલોલ પ્રાંતનો ગરીબ કલ્યાણ મેળો માણસા ખાતે યોજવાનું આયોજન હાથ ધરવામાં આવ્યુ છે. ગરીબ કલ્યાણ મેળાના લાભાર્થીઓની યાદીને આખરી ઓપ અપાઈ રહ્યો છે અને બે દિવસમાં તે લાભાર્થીઓની યાદીનું કોમ્પ્યુટરાઈઝેશન પણ કરી દેવામાં આવશે.

૨૦૧૯થી રાજયમાં ગરીબ કલ્યાણ મેળાઓનું આયોજન કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

